ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૨૫-૯-૨૦૨૧, શનિવાર



### સરકારી તંત્ર રામભરોસે...

# જિલ્લામાં બીએસએનએલ લેન્ડલાઈન ભૂતકાળ થવાના આરે

## છેલ્લા એક મહિનાથી મોટાભાગના ફોન બંધ-અવાજ ઘોંઘાટીયો

બાયડ, તા. ૨૪

કેન્દ્ર સરકારની તમામ વિભાગોની કામગીરી વખણાય છે પરંતુ ભારત દૂર સંચાર નિગમ (બીએસએનએલ)ની સાબરકાંઠા-અરવલ્લીમાં ખાડે ગયેલી કામગીરી સામે ખાસ કરીને લેન્ડલાઈન ગ્રાહકોનો આક્રોશ ચરમસીમાએ છે. બીએસએનએલ તંત્ર રામભરોસે થઈ ગયુ છે. અનેક ગ્રાહકોએ ડબલા સેવા સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે.

બી.એસ.એન.એલ.ના ૩૬૦થી વધુ કર્મચારીઓએ ખાડે ગયેલી કામગીરીથી સ્વૈચ્છીક રાજીનામા આપ્યા પછી ઓછા સ્ટાફના ઉપર કામનુ ભારણ વધ્યુ છે. પાછલા ૧ મહીનામાં મોટાભાગના એક્ષચેન્જમાં ટેલિફોન બંધ, ચાલુ હોય તો અવાજ ઘોંઘાટીયા જેવી ફરીયાદોમાં સતત વધારો થઈ રહ્યો છે. એક સમય એવો હતો કે પોતાના ઘરે બી.એસ.એન.એલ. ટેલિફોન હોય તેને મોભો ગણાતો પરંતુ કેન્દ્ર સરકાર હસ્તકના બીએસએનએલનો સમગ્ર જિલ્લામાં વહીવટ ખાડે જતાં પાછલા ૫ વર્ષમાં માત્ર ૨૫ થી ૩૦ ટકા જ બી.એસ.એન.એલ. લેન્ડલાઈન ગ્રાહકો બચ્યા છે અને આવી કથળેલી કામગીરી રહેશે તો આગામી ૨ વર્ષમાં તંત્રની લેન્ડલાઈન સુવિધા ભુતકાળ બનીને રહી જશે. કહેવાય છે કે ઉચ્ચ અધિકારીઓને બીએસએનએલનો સંકેલો થઈ જાય તેમાં વધુ રસ છે. આવો રસ કેમ જાગ્યો તે સરકાર માટે તપાસનો વિષય છે.

### ભારે વરસાદની આગાહી ટાઈ...ટાઈ... ફિશ

# સાબરકાંઠા-અરવલ્લીની પ્રજાની વરસાદની ભુખ ક્યારે સંતોષાશે

## જળાશયો છલકાય તે માટે માટે ખેડૂતોએ બાધા રાખી

બાયડ, તા. ૨૪

અતિ ભારે વરસાદની આગાહી ફરી એકવાર ટાઈ-ટાઈ ફિશમાં પરીણમી છે. સાબરકાંઠા-અરવલ્લીની પ્રજાની અતિભારે વરસાદની ભુખ ક્યારે સંતોષાઈ શકશે!! કુદરત જિલ્લામાં સાગમટે ૫ થી ૧૦ ઈંચ વરસાદ વરસાવી દે તેવી લાગણી પ્રવર્તી રહી છે. જિલ્લાના તમામ જળાશયો છલકાય તે માટે કેટલાક ખેડૂતોએ બાધા રાખી છે.

નિશંક પણ ભાદરવામાં જિલ્લામાં સારો વરસાદ નોંધાતા ખેતી ચિત્ર વધુ સમૃદ્ધ થયુ છે પરંતુ જળાશયો છલોછલ ભરાઈ જાય તેવી પ્રજા-વહીવટીતંત્રની અપેક્ષા પુરી થઈ નથી. ગત રવિવારથી જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી વચ્ચે બફારો-ઉકળાટ વધ્યો પરંતુ માત્ર આચમનરૂપ ઝરમરીયો વરસાદ વરસતાં ખેડૂતો નિરાશ થયા છે. ઉત્તર ગુજરાતમા આ વર્ષે ગત વર્ષ કરતાં સરેરાશ ઓછા વરસાદના કારણે શિયાળા-ઉનાળાની ચિંતા અત્યારથી સતાવી રહી છે. જ્યારે ખેડૂતોની જીવાદોરી ગણાતી સુજલામ સુફલામ સ્પેડીંગ કેનાલ ભર ચોમાસે કોરી ધાકોર છે. કડાણા ડેમમાં પણ પાણીની સિમીત આવક જોતાં ઉત્તર ગુજરાતના ખેડૂતોને સુજલામ કેનાલના પાણી મળવા બાબતે શંકા સેવાય છે. છેલ્લા બે દિવસથી પરોઢે ઠંડીનો ચમકારો અનુભવાતાં વરસાદની આકસ્મિક વિદાય નહીં થાયને તેની આશંકા વધી છે.

### કોંગ્રેસના તાલુકા પંચાયતના સદસ્યોને

# ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય થતા તાલુકા પંચાયતમાં રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો

ભિલોડા તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી ચૂંટાયેલ સદસ્યોને ૧૫ % વિવેકાધીન સદસ્યોના મત વિસ્તારમાં ત્રણ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે ત્યાર બાદ અને કોંગ્રેસના તાલુકા પંચાયત સદસ્યોએ તા.૦૮-૦૯-૨૦૨૧ ના રોજ તાલુકા વિકાસ



(આયોજન) ગ્રાન્ટની ફાળવણીમાં અન્યાય કરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે તાલુકા પંચાયત કચેરીમાં વિરોધ નોંધાવ્યો અને ગ્રાન્ટની ફાળવણીમાં ઉભી થયેલી વિસંગતતા નું નિવારણ સંદર્ભે રામધુન અને ભજનની રમઝટ બોલાવી હતી તેમજ ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય થતા ધરણા પર બેઠા હતા.

ભિલોડા તાલુકા પંચાયત,વિપક્ષના નેતા અનિલભાઈ હડુલા,સદસ્યો કાંતિલાલ ખરાડી,કાલીચરણ હોથા,જયેશભાઈ ઠાકોર સહિત કોંગ્રેસના સદસ્યોએ જણાવ્યું હતું કે ૧૫ % વિવેકાધીન (આયોજન) ગ્રાન્ટની ફાળવણીમાં વિસંગતતા નું નિવારણ સત્વરે કરવા સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને લેખિત અરજી આપી હતી.તાલુકા પંચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષ સ્થાને જણાવવામાં આવેલ હતું કે દરેક સદસ્યો પાસે વિસ્તારોમાં વિકાસ લક્ષી કામકાજની વિગતવાર માહિતી મંગાવી હતી પરંતુ અત્રે



ઉલ્લેખનીય છે કે ભાજપના રાજમાં કોંગ્રેસના સદસ્યોના વિકાસ લક્ષી કામકાજ લીસ્ટ માંથી એકાએક ગાયબ થઈ ગયા છે.અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા કોન્ટ્રાક્ટરોના વિકાસ લક્ષી કામકાજનો સમાવેશ કરવામાં આવ્યો છે.કોંગ્રેસ સદસ્યોના વિકાસ લક્ષી કામકાજ રદ કરાતા તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.

ભિલોડા ધારાસભ્ય ડો.અનિલભાઈ જોષીયારા અધિકારીને આવેદનપત્ર સ્વરૂપે લેખિતમાં રજૂઆત કરી હોવા છતા યોગ્ય રીતે નિરાકરણ આજ દિન સુધીમાં આવેલ નથી ? આજે કોંગ્રેસના સદસ્યોએ તાલુકા વિકાસ અધિકારી ને લેખિતમાં પત્ર પાઠવી અને ન્યાયિક રજુઆત કરીને ધરણા પર બેઠા છે.યોગ્ય નિરાકરણ લાવવા રજુઆતો કરાઈ છે.કોંગ્રેસના સદસ્યોએ તાલુકા પંચાયત કચેરીના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ જ રામધુન અને ભજનની રમઝટ બોલાવી હતી.

## અરવલ્લી જીલ્લામાં "નવરાત્રી " વિષય પર ૨૧ ઓક્ટોબરના રોજ ચિત્રસ્પર્ધા યોજાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "નવરાત્રી (દશેરા)" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩"ટ ૧૧.૭") ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે.

# અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મંત્રી પૂર્ણેશ મોદીને પત્ર લખ્યો : ડીસ્કો રોડથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અમુક વિસ્તારોમાં ધોરીમાર્ગો પર ઠેર ઠેર ખાડાઓ પડતા ડીસ્કો



રોડમાં પરિવર્તીત થતા વાહન ચાલકોને અકસ્માતની ભીતી પેદા થતા અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખે,કેબિનેટ મંત્રી માર્ગ અને મકાન વિભાગને લેખિતમાં પત્ર પાઠવ્યો છે ચોમાસા દરમ્યાન ભિલોડા અને મેધરજ તાલુકાના બિસ્માર ધોરીમાર્ગોનું સમારકામ કરાવવામાં આવેની માંગ કરી હતી.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને મેધરજ તાલુકામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ઠેર ઠેર ધોરીમાર્ગો પર ભરાતા ધોરીમાર્ગો બિસ્માર હાલતમાં ફેરવાતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.વાહન ચાલકો ને મેઈન્ટેનન્સ ખર્ચ વધતા વાહન ચાલકોની આર્થિક કમર તુંટતી જાય છે.ખખડધજ ધોરીમાર્ગો પર વાહન ચાલકોને અકસ્માતની ભીતી સેવાઈ રહી છે.કમરતોડ ધોરીમાર્ગોનું સમારકામ સત્વરે કરાવવા ન્યાયિક રજુઆત કરાઈ છે.

અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખ,રાજેન્દ્ર કાંતિલાલ પારઘીએ પુર્ણેશભાઈ મોદી,કેબિનેટ મંત્રી,માર્ગ અને મકાન વિભાગ,ગુજરાત રાજ્ય ને લેખિતમાં પત્રમાં જણાવ્યું હતું કે ચોમાસા દરમ્યાન ધોરીમાર્ગો બિસ્માર હાલતમાં હોય સત્વરે સમારકામ કરાવવું,રીસરફેશ કરીને ધોરીમાર્ગોની મરામત અંગેની રજુઆત કરાઈ છે.નવિન ધોરીમાર્ગો બનાવવાની માર્ગ અને મકાન વિભાગમાં રજુઆત કરેલ હોય તે ધોરીમાર્ગો સત્વરે મંજુર કરવા સંદર્ભે લેખિતમાં અનુરોધ કર્યો હતો.

## સિદ્ધપુર સબજેલથી ભાગેલા બે આરોપી પ્રાંતિજથી ઝબ્બે

સિદ્ધપુર ,તા.૨૪

સિદ્ધપુર હાઈવે દેથળી ચાર રસ્તા પાસે ત્રણ માસ અગાઉ આંગડિયા પેઢીના કર્મચારી પાસે રૂ.૬.૮૪ લાખની લૂંટ થઈ હતી. જેમાં પોલીસે લૂંટના બંન્ને આરોપીઓની અટકાયત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ત્યારે આ બને આરોપી સિદ્ધપુર સબજેલમાં સજા ભોગવી રહ્યાં હતાં. તે દરમિયાન કાચા કામના આરોપી ઉપેન્દ્ર સિંહ ઉર્ફે પિન્ટુભાઈ કીર્તિસિંહ ચૌહાણ તેમજ દેવુસિંહ ઉર્ફે દેવરાજ બાલસિંહ ચૌહાણ બુધવારે રાત્રીના ૯:૩૦ કલાકે એ.એસ.આઈ જગદીશ પુનાભાઈનું બાઈક નંબર જીજે-૨૪-ઈ-૨૨૫૩ લઈને સબજેલમાંથી ફરાર થઈ ગયા હતા જોકે સવારે સિદ્ધપુર પીઆઈ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતા આ ઘટનાની જાણ થઈ હતી ત્યારબાદ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાને જાણ થતાં પાટણ એલસીબી, એસઓજી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટિમો બનાવી રવાના કરાઈ હતી.

## બાયડના ખુદગર્જનો બટવો ખોવાયો, મળ્યો એ માલામાલ

### બટવામાં તમામ કરમકુંડળીનું રાજ, ૨ લાખ ખંખેર્યા

બાયડના તીનપત્તી શોખીન ખુદગર્જનો બટવો ખોવાયા પછી જેને મળ્યો એ માલામાલ બન્યાની ચર્ચા છે. બટવામાં તેની તમામ કરમકુંડળીનો ચિઠ્ઠો હતો અને 'રાજ' ખુલી ન જાય તે માટે સાસરીયાની મદદ લઈ રૂ. ૨ લાખ આપ્યા પછી બટવો પાછો મળ્યાની ગરમાગરમ લોકચર્ચાએ અન્ય લોકોની આંખો ઝીણી કરી દીધી છે.

બાયડમાં કેટલાક અજનબી દેખાય છે તેવા વાસ્તવમાં નથી. મંદિર-મસ્જીદમાં માથુ ટેકવે તો પણ મદીરા-માંસની મહીનામાં ૧૦ દિવસ જયાફત ઉડાવે..!! તીનપત્તી તો ભુલાતી નથી... પરિવારને છોડી દે પણ તીન પત્તી નહી તેવું જ ઝનૂન છે. ત્યારે તાજેતરમાં આવા જ એક ખુદગર્જનો બટવો (પાકીટ) ખોવાયો... પછી તો શોધખોળ શરૂ થઈ... સાઠંબા, બાકોર, તરકવાડાના જ્યોતિષને પુછાવ્યું... મારો બટવો ગુમ થયો છે શોધી આપો...!! દક્ષિણ દિશામાં બટવો છે....તમને ૫ દિવસમાં મળશે તેવું જણાવ્યું....કાગને બેસવા... ડાળને ભાગવા જેવી સ્થિતિમાં બટવાના સગડ મળ્યા. બટવો મળ્યો તે ચકોર, જમાનાનો ખાઈ બદેલ હતો. તેમાં ચિઠ્ઠામાં અનેક રહસ્ય હતા. અંગ્રેજીની એ.બી.સી.ડી. માં તેને ટપકાવ્યા હતા. અને તીન પત્તીમાં કોને કેટલા દાવમાં શું ગુમાવ્યું... ઉપરાંત કપડાં ઉતરી જાય તેવા ચિઠ્ઠામાં ઉલ્લેખ હતા... બટવો મેળવવા અધીરો બન્યો.... છેવટે તારી કાળી કમાણી છે તો આપવામાં શું વાંધો..! તેવી દલીલ પછી રૂ. ૨ લાખમાં બટવો અને ભાંગફોડ ચિઠ્ઠો પરત મેળવ્યાનું જાણવા મળ્યું છે. પરંતુ કહેવાતા ઉસ્તાદે ચિઠ્ઠાની જૂના બસસ્ટેન્ડ વિસ્તારમાં માઈક્રો ઝેરોક્ષ કઢાવી લીધાનું સંભળાય છે.



જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ/બાયડ સાહેલી દ્વારા બીબીનીવાવ પ્રા. શાળા મા કન્યા ઓ ને સેનેટરી નેપકીન (પેડ) નું વિતરણ કરવામાં આવ્યું.

# પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૧ની ઉજવણી

## બાળલગ્ન અટકાયત અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા

મોડાસા તા.૨૪

હાલ ચાલી રહેલ પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ :-સપ્ટેમ્બર-૨૦૨૧ ની ઉજવણી અર્થે વિવિધ વિભાગો દ્વારા અલગ-અલગ થીમ મુજબ કાર્યક્રમો કરવામાં આવેલ છે. અરવલ્લી



જિલ્લામાં આ ઉજવણી માટે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના દિવસે જિલ્લા બાળ સુરક્ષા એકમઅને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, અરવલ્લી-મોડાસા દ્વારા બાળલગ્ન અટકાયત અંગે "આપણો જિલ્લો બાળલગ્ન મુક્ત જિલ્લો" થીમ ઉપર પાંચ તાલુકાઓમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોડાસા તાલુકામાં પ્રકાશ વિદ્યાલય-જાલોદર ખાતે, મેઘરજ તાલુકામાં મોડેલ સ્કુલ-મેઘરજ ખાતે, બાયડ તાલુકામાં સુરજબા હાઈસ્કુલ-ગાબટ ખાતે, માલપુર તાલુકામાં પી.જી.મહેતા હાઈસ્કુલ-માલપુર ખાતે અને ભિલોડા તાલુકામાં કલજીભાઈ કટારા કોલેજ કેમ્પસ-શામળાજી ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.જેમાં લોકજાગૃતિ માટે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે અને સામાજિક દુષણ પણ છે. બાળલગ્નના કારણે સમાજમાં નાની છોકરીઓના આરોગ્ય પર ઘણી જ વિપરીત અસર થાય છે તેથી બાળલગ્ન અટકાવવા જરૂરી છે.

જો કોઈ વ્યક્તિ કે સમાજ દ્વારા બાળલગ્ન કરાવવામાં આવે તો બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ લગ્ન કરનાર પુખ્ત વયનો પુરૂષ અને તેનાં માતા-પિતા કે વાલી, મદદગારી કરનાર, બાળલગ્નમાં હાજરી આપનાર, વિધીમાં લાભ લેનાર, સંચાલન કરનાર, બાળલગ્નમાં સામેલ ગોરમહારાજ, રસોઈયા, મંડપવાળા, ફોટોગ્રાફર, બેન્ડવાજાવાળા, બાળલગ્ન કરાવનાર તમામને અપરાધી ગણવામાં આવે છે અને આ અધિનિયમમાં બાળલગ્ન કરનાર અને કરાવનારને બે વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂપિયા એક લાખ સુધીના દંડની જોગવાઈ કરેલ છે તે સંદર્ભે માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવાં જે-તે શાળા/કોલેજનાં વિદ્યાર્થીઓ, શિક્ષકશ્રીઓ, આચાર્યશ્રીઓ, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, ૧૮૧ અભયમ હેલ્પલાઈન, બાળ સુરક્ષા એકમ અને સમાજ સુરક્ષા કચેરીના કર્મચારીશ્રીઓતથા શ્રમ આયુક્તની કચેરી વગેરે સહભાગી થયેલ એમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અરવલ્લીની યાદીમાં જણાવાયુ છે.

# જિલ્લો શંકાસ્પદ ડેન્ગ્યુ ચિકનગુનિયાના સકંજામાં

બાયડ, તા. ૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો કોરોના સંક્રમણથી હેમખેમ બહાર આવ્યા પછી શંકાસ્પદ ડેન્ગ્યુ-ચિકનગુનિયાના સકંજામાં આવી જતાં ગામે ગામ શંકાસ્દ કેસમાં ઉછાળો નોંધાતાં નવરાત્રિ દરમ્યાન ખેલૈયાઓ માટે રોગચાળો વિલન બની શકે છે.

ચોમાસામાં યોગ્ય સાવધાની રાખવામાં ન આવે તો રોગચાળો વકરતો હોય છે. આ વર્ષ ચોમાસા દરમ્યાન ઓછા વરસાદથી પ્રજા ચિંતિત છે. અગાઉ કોરોના સંક્રમણથી પ્રજા ત્રાહીમામ હતી અને માંડ રોગચાળામાં રાહત મળી ત્યાં એડિશ મચ્છરોથી ફેલાતા ડેન્ગ્યુના રોગચાળાથી ગામેગામ માંદગીના ખાટલા ઢળાયા છે. જિલ્લામાં આરોગ્યતંત્રની નબળી કામગીરી સામે પસ્તાળ પડી રહી છે. માત્ર દેખાડા પુરતી પોરાનાશક કામગીરીથી રોગચાળો અંકુશમાં આવશે નહી. ડેન્ગ્યુ પછી અત્યંત પીડા આપતો ચિકનગુનિયાનો રોગચાળો શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં પોતાનો પંજો પ્રસરાવી રહ્યો છે. છતાં આરોગ્યતંત્ર કુંભકર્ણની નિદ્રામાં આળોટવા જેવી સ્થિતિ છે. સાબરકાંઠા-અરવલ્લીમાં પાછલા પખવાડીયામાં જે રીતે દર્દીઓથી ખાનગી હોસ્પિટલ ઉભરાઈ રહી છે તે જોતાં ડેન્ગ્યુનો રોગચાળો જિલ્લામાં હાહાકાર મચાવે તેવી દહેશત વધુ છે. જિલ્લામાં શંકાસ્પદ ડેન્ગ્યુના ૪૦૦ અને ચિકનગુનિયાના ૨૯૦ થી વધુ કેસ હોવાનું બિનસત્તાવાર સૂત્રો જણાવે છે.

# સાબરકાંઠા - અરવલ્લીમાં ભવાઈ ફિલ્મ રિલીઝ થાય તે પૂર્વે વિરોધ

## ટાઇટલ બદલવા આવેદન અપાશે : રાવણ લીલાનું ટાઇટલ બદલતાં નાયક સમાજમાં જબરો આક્રોશ

સરડોઈ, તા.૨૪

વિવાદાસ્પદ હિન્દી ફિલ્મ રાવણ લીલાનું ટાઈટલ બદલી ભવાઈ રાખવામાં આવતાં ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભવાઈ સાથે સંકળાયેલ નાયક સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ફિલ્મનું ટાઈટલ બદલવા માટે અસાઈત નાયક સમાજ યુવા સંગઠન દ્વારા જિલ્લા મથકે વિરોધમાં આવેદન પત્રો આપવાની તૈયારીઓ થઈ છે.

છેલ્લા કેટલાક સમયથી ફિલ્મ નિર્માતાઓ દ્વારા ફિલ્મની કથા વાર્તા અને સંવાદોમાં જાણી જોઈને વિવાદ ઉભા કરવાના પ્રયત્નો કરવામાં આવતા હોવાથી કેટલાક સમાજોની લાગણી દુભાતી હોય છે. અગાઉ પદમાવત અને લવ ની ભવાઈનો વિવાદ તાજો છે ત્યાં રાવણ લીલા ફિલ્મે મોટો બખેડો સર્જ્યો જેમાં હિન્દુ સંગઠન દ્વારા આક્રમક વિરોધ કરાતા ફિલ્મ નિર્માતા હાર્દિક ગજ્જર દ્વારા રાવણ લીલાનું ટાઈટલ રાતો રાત ભવાઈ કરી નાખ્યું છે જેનો નાયક સમાજ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. અસાઈત નાયક યુવા સંગઠન ના પ્રમુખ (સાબરકાંઠા - અરવલ્લી) ડો.અતુલ ભાઈ નાયક, સમાજના અગ્રણી ડો. જગદીશભાઈ નાયકે આક્રોશ સાથે જણાવ્યું છે કે ભવાઈ અમારા સમાજની સંસ્કૃતિ છે. ભવાઈ દ્વારા સમાજમાં પ્રવતી રહેલ અંધશ્રદ્ધા અને કુરિવાજો દૂર કરવા જાગૃતિ નું કામ થઈ રહ્યું છે. એક રીતે ભવાઈ એ સાચી સંસ્કૃતિ વર્ષો થી સાચવી છે પણ રાવણ લીલાના વિરોધ બાદ વિવાદાસ્પદ ફિલ્મનું ટાઈટલ ભવાઈ રાખવું કોઈ પણ રીતે સુસંગત ન હોવાથી અમારી અને આખા સમાજની લાગણી દુભાઈ છે. જો ફિલ્મનું ટાઈટલ બદલવામાં નહી આવેતો સંગઠન દ્વારા તેનો વિરોધ કરી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવાની તૈયારી કરવામાં આવી છે. આ ફિલ્મના ટાઈટલને લીધે જે રીતે વિવાદ આકાર લઈ રહ્યો છે એ જોતાં રિલીઝ સમયે સમગ્ર ગુજરાતમાં ભવાઈ સાથે સંકળાયેલ નાયક, ભોજક અને વ્યાસ સમાજ તેમજ વિવિધ સંગઠનોએ ભવાઈ શબ્દના ઉપયોગ સામે ગાંધી ચિંધ્યા માર્ગે જવાની પૂરી તૈયારીઓ શરૂ કરી છે.

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧